# જાહેરનામુ

## મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ભાગ ૨૨ નિયમ ૩૩ અન્વયે કાઢેલ હુકમ

## ક્રમાંક : ગ/ઉપક/૪૧૫/૨૦૧૪ .તા. ૨ /૦૭/૨૦૧૪

સાર્વજનીક ખાનપાનની જગ્યાએ આહારગુહ/રેસ્ટોરન્ટના માલીકો કે જેઓ બી.પી.એક્ટ ૧૯૫૧ ભાગ.૨૨ નિયમ.૩૩ મુજબ નોધણી પ્રમાણપત્રો ધરાવે છે તેમને નિયમ મુજબ સવારે ૫.૦૦ થી રાત્રીના ૧૧.૩૦ સુધી સાર્વજનીક ખાનપાનની જગ્યાઓ ચાલુ રાખવા દેવા મંજુરી આપવામાં આવેલ છે.

અગામી રમજાનના તેહવારને અનુલક્ષીને આથી હું શિવાનંદ ઝા બી.પી.એક્ટ ૧૯૫૧ ભાગ ૨૨ નિયમ ૩૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ તા.૨.૦૭.૨૦૧૪ થી તા.૩૦.૦૭.૨૦૧૪ સુધી સાર્વજનીક ખાનપાનની જગ્યાઓ આહારગુહ /રેસ્ટોરન્ટ ના માલીકો કે જેઓ વેલીડ પરવાના આ નિયમ હેઠળના ધરાવે છે તેમને તેમની આ જગ્યાઓ સવારે કલાક ૪.૦૦ થી રાત્રીના કલાક ૧.૦૦ સુધી ખુલ્લી રાખવા દેવાનુ ઠરાવુ છું. આ સમય દરમ્યાન આ પ્રકારની પરવાનગીને કારણે સુલેહ શાંતિનો ભંગ થતો હોવાનો કે ટ્રાફિક પ્રવાહને અવરોધ થતો હોવાનો કે અન્ય કોઈ પ્રકારની ત્રાસદાયક પ્રવુતી થતી હોવાનુ જણાશે તો આવી જગ્યાઓના માલિકોને તેમની પ્રવુતી તાત્કાલિક અસરથી બંધ કરવા તથા પરવાનો રદ કરવા પાત્ર થતો હોવાનુ જણાવી કાયદેસરના પગલા લઈ શકાશે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરામાં લાઉડ સ્પીકર ધરાવતા વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો ધ્વારા તેમજ જાહેર જગ્યાઓએ હુકમની નકલો ચોટાડીને કરવી અને આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર પરથી જાહેરાત કરાવવી.

આજરોજ તા ૨ /૭/૨૦૧૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE
LICENCE BR., A'BAD. CITY

તા. ૨/૦૭/૨૦૧૪
અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**કલ સ.રવાના :-**

મેનેજરશ્રી, ગવૅમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાટૅમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગવૅમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારુ.